# ક્રીમીનલ કેસ નં. ૫૩૧/૨૦૨૬

## <u>મહે.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની અદાલતમાં, મુ, ગરૂડેશ્વર</u>

## <u>આરોપીની પ્લી લગત ઠરાવ</u>

(૧) આજરોજ નામદાર નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટીના ઉપક્રમે નેશનલ લોક અદાલત યોજવામાં આવેલ છે. નામદાર ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળ ધ્વારા સ્પેશીયલ સીટીંગની મેજીસ્ટ્રેટને સત્તા આપવામાં આવે છે તે મુજબ સદર કેસ આજરોજ રાખેલ છે.

(૨) આરોપી કોર્ટ રૂબરૂ વકીલશ્રી ઓ હાજર થયેલ છે અને પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે આપ્યાની ખાતરી કરી આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ કરવા માંગતા હોવાની હકીકત જણાવેલ છે.

(૩) આરોપીએ ગુના કબુલાત પુરસીસ આપી જાહેર કરેલ છે કે મારો આ પ્રથમ ગુનો છે અને અમો સામાન્ય અને ગરીબ વર્ગના છીએ. અમારે કોઈ સ્થિર ધંધો નથી અમો છુટક મજુરી કરી અમારું ગુજરાન ચલાવીએ છીએ. અમારા બાળ બચ્ચા તથા અમારા કુટુંબના ભરણપોષણની જવાબદારી અમારા ઉપર રહેલી છે. અમો ભવિષ્યમાં આવો કોઈ ગુનો કરીશુ નહિ તેવી ખાતરી આપીએ છીએ જેથી અમારી સામાજિક તથા આર્થિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખી તેઓ ઉપર રહેમ રાહ રાખવા અરજ ગુજારેલ છે.

(૪) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે આરોપી વગર પાસ પરમીટનો દારૂનો નશો કરી જાહેર સ્થળ પરથી લથડીયા ખાતા પકડાયેલ છે, જેથી આરોપી વિરુધ્ધ ગુજરાત રાજય નશાબંધી અધિનિયમની કલમ ૬૬(૧)(બી) મુજબના ગુનાનો આરોપ છે.

(૫) આરોપી વિરુધ્ધ ગુનાનો આક્ષેપ જોતાં તથા આરોપી ધ્વારા કરેલ ગુના કબુલાત ધ્યાને લેતાં તેમજ આરોપી આર્થિક તથા સામાજિક રીતે ગરીબ વર્ગના જણાય આવે છે તેમજ ભવિષ્યમાં બીજો કોઈ ગુનો નહી કરવાની ખાતરી આપે છે. આરોપીએ જાહેર કરેલો પસ્તાવો તથા આરોપીની વર્તણુક તથા સામાજિક જવાબદારી ધ્યાને લેતાં તથા કેસનુ રેકર્ડ વંચાણે લેતાં આ કામના આરોપીનો પ્રથમ ગુનો હોવાનુ જણાય આવે છે. જેથી મારું નમ્રપણે માનવુ છે કે, આરોપી ઉપર રહેમ રાહ રાખીને ઓછી સજા અને દંડ કરવામાં આવે તો આરોપી સમાજમાં ફરી વખત માનભેર જીવન શરૂ કરી અને સમાજ તથા દેશને ઉપયોગી થઈ શકે તેમ છે તે સંજોગોમાં ઓછી સજા તથા દંડ કરવો તે ન્યાયી અને ઉચિત માનું છું.

(૬) નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા STATE OF GUJARAT V. NATVAR HARCHANDJI THAKOR, 2005(1) GLR 709 ના ચુકાદામાં એવું પ્રસ્થાપીત કરેલ છે કે, The word "special" has to understood in contradiction to word "general" or"ordinary". It becomes apparent and unquestionable from the language employed in the proviso

that the reasons to be recorded in writing in judgment for less than the minimum sentence, on the ground of presence of special and adequate reasons in the light of sentencing process must be special and adequete to the circumstances in the given case and peculiar to the accused in each case. It is therefore, very clear that the discretionary jurisdiction empowered in the trial Magistrates must be based on and in presence of special and adequete reason to the contrary to be mentioned in the judgement of the court for each case and each accused. (Para 42: See also Paras 35, 43 and 44 ) જે પ્રસ્થાપિત સીધ્ધાન્ત હાલના કેસની હકીકત સાથે લક્ષ્યમા લેવામાં આવે તો, જો પુરતા અને વાજબી કારણો હોય તો દરેક કેસની હકીક્તને ધ્યાનમાં લઈ નીચેની અદાલતને કાયદામાં કરેલ લઘુતમ સજાની જોગવાઈ હોવા છતાં પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. ઉપરોકત ચુકાદો આરોપીના કેસને તથા સંજોગોને અનુરૂપ થતો હોય તેમ જણાય આવે છે.

(૭) સુંદર કેસનું રેકર્ડ તથા હરીયાદ પેપર્સ પ્યાને લેતાં તેમજ આરોપીની આર્થિક સ્થિતિ તથા સદર ગુના અંગેની સજા જોતાં, આરોપીને સજા કરતી વખતે ઉદાર વલણ રાખી સુધારવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ જણાતુ હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## :: હુકમ ::

આ કામના આરોપીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ની કલમ – ૨૭૫ મુજબ પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)(બી) મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી, આરોપીને રૂા.૧૦૦/–( અંકે રૂપિયા એકસો પુરા) નો દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો વધુ દિન–૧ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજે તારીખ **૧૧ મી માહે જુલાય સને ૨૦૨૬** ના રોજ નેશનલ લોકઅદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૧/૦૭/૨૦૨૬

સ્થળ: ગરૂડેશ્વર

(કે.એન.પુરાણી)
જયુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
ગરુડેશ્વર, જી. નર્મદા
જીજે.૦૧૫૨૮